# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-01-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-VGRCના ઉદ્ઘઘાટન પ્રસંગે સંબોધન :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય હોવાનું જણાવી ઉદ્યોગકારોને રોકાણ માટે આહ્વાન કર્યું. રાજકોટમાં કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટેની બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ - VGRCના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે મોરબી-જામનગર-રાજકોટ ઔદ્યોગિક ક્ષેત્રને તેના વિશાળ કદ, કુશળતા અને વૈશ્વિક જોડાણોને કારણે "મિની જાપાન" તરીકે ઓળખવામાં આવે છે.

સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશ ઉત્પાદન, પર્યાવરણને અનુકૂળ વિકાસ અને ગતિશીલતા માટે એક મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવ્યો હોવાનું શ્રી મોદીએ ઉમેર્યું હતું. કચ્છમાં નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી મોટા 30-ગીગાવોટ સ્વચ્છ ઉર્જા પાર્કનો પણ શ્રી મોદીએ તેમના સંબોધનમાં ઉલ્લેખ કર્યો હતો.

આ પરિષદનો ઉદ્દેશ્ય સૌરાષ્ટ્ર અને કચ્છના બાર પશ્ચિમી જિલ્લાઓમાં રોકાણ, નવીનતા અને વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

------------------------------------------------------------------------------------------

## PM-કચ્છને ગ્રીન ગ્રોથ અને એનર્જી સિક્યુરીટીનું હબ ગણાવ્યુ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રાદેશિક વાયબ્રન્ટ સમિટ દરમ્યાન કચ્છ અને સૌરાષ્ટ્રના વિકાસના ઓવારણા લીધા હતા અને કચ્છ ગ્રીન ગ્રોથ અને એનર્જી સિક્યુરિટીનું હબ બની ગયું છે તેમ જણાવ્યુ હતું. કચ્છમાં 30 ગીગાવોટની ક્ષમતા ધરાવતો દુનિયાનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે, જે પેરિસ શહેર કરતા પાંચ ગણો મોટો છે.

કચ્છમાં સ્થાપિત કરવામાં આવી રહેલી વિશાળ `બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ' દ્વારા રિન્યુએબલ એનજીર્ની સાથે ગ્રીડ સ્ટેબિલિટી અને વિશ્વસનીયતા પણ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.કચ્છ પ્રદેશ વિશ્વકક્ષાના બંદરોથી સજ્જ છે, જ્યાંથી ભારતની નિકાસનો મોટો હિસ્સો પસાર થાય છે. કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોના પરિશ્રમે ભાવિ બદલ્યું છે.સૌરાષ્ટ્ર કચ્છ અવસરોના ક્ષેત્ર નથી ભારતના વિકાસ માટેના એન્કર રીજીયન બની ચૂક્યા છે.

---

## CM -VGRC:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને ભવિષ્ય માટે વૈશ્વિક પ્રવેશદ્વાર ગણાવ્યું. હવે ઑટો સેક્ટર, સેમિકન્ડક્ટર, નાણાકીય સેવાઓ, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I., હરિત ઉર્જા જેવા અનેક ઉભરતા ક્ષેત્રમાં ગુજરાત કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

આ પ્રસંગે રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીએ આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં રોકાણને વર્તમાન 3 લાખ 50 હજાર કરોડથી બમણું કરીને 7 લાખ કરોડ કરવાની, જામનગરમાં દેશનું સૌથી મોટું AI રેડી ડેટા સેન્ટર સ્થપાશે અને જીઓ દ્વારા સામાન્ય લોકો માટે પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પ્લેટફોર્મ લોન્ચ કરાશે, તેવી જાહેરાત કરી હતી.

---

## કચ્છમાં અદાણીગ્રુપ દ્વારા 1.5 લાખ કરોડનું રોકાણ:

રાજકોટમાં આયોજિત કચ્છ અને સૌરાષ્ટ્ર પ્રદેશો માટે વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (વીજીઆરસી)ને સંબોધિત કરતા અદાણી પોર્ટસ એન્ડ સેઝ લિમિટેડના મેનાજિંગ ડિરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી ગ્રુપ આગામી પાંચ વર્ષમાં કચ્છ ક્ષેત્રમાં રૂા. 1.5 લાખ કરોડનું રોકાણ કરશે. ખાવડા પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ 2030ના વર્ષ સુધીમાં સંપૂર્ણ 37 ગીગાવોટ ક્ષમતા કાર્યરત કરવા અને 10 વર્ષમાં મુંદરા ખાતે બંદર ક્ષમતા પણ બમણી કરવાની નેમ વ્યક્ત કરી હતી.

---

# ગ્રીન કચ્છ નેકસ્ટ જૈન અને દીનદયાળ વચ્ચે એમ.ઓ.યુ:

કચ્છી ઉદ્યોગ સાહસિકો વતનમાં આર્થિક રોકાણ ભણી વળે તે ઉદેશને સાકાર કરવાના પગલા અંતર્ગત જૈન યુથ ફોરમ (જેવાયએફ)ની પ્રેરણાથી ગ્રીન કચ્છ નેકસ્ટ જેન દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરિટી સાથે ગ્રીન હાઇડ્રોજનના મેગા પ્રોજેકટ માટે એમઓયુ કરાયા છે. એક હજાર એકરમાં અંદાજીત રૂ. ત્રણ હજાર કરોડના રોકાણના ખર્ચે સ્થપાનારા ગ્રીન કચ્છ એનર્જી પાર્કમાં કચ્છી ઉદ્યોગપતિઓ અને સાહસિકો સહકારી ધોરણે ગ્રીન એનર્જીના એકમો સ્થાપશે.

---------------------------------------------------------------------------------------------

# PM-રોગાન કળા કારીગર અબ્દુલગફુર ખત્રીની મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજકોટ ખાતે યોજાયેલા વાયબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન સ્વદેશી હાટમાં કચ્છની વિશ્વવિખ્યાત રોગાન કળાના સ્ટોલ પર રોગાન કળા કારીગર અબ્દુલ ગફુર ખત્રી સાથે ટૂંકી મુલાકાત દરમ્યાન રોગાન કળા સાથે કચ્છની પણ પૃચ્છા કરી હતી. ગુજરાતના દ્વિદિવસીય પ્રવાસે આવેલા પ્રધાનમંત્રીએ રાજકોટની મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલા વાયબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનમાં સ્વદેશી કલાહાટની મુલાકાત લીધી હતી.

---------------------------------------------------------------------------------------------

# ક્રિકેટ:

ભારતે ન્યૂઝીલેન્ડને પ્રથમ વન ડે મેચમાં 4 વિકેટે હરાવી ત્રણ મેચની શ્રેણીમાં એક શૂન્યની સરસાઇ મેળવી છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમ પરની મેચમાં ન્યૂઝીલેન્ડની ટીમે 8 વિકેટના ભોગે 300 રન કર્યા હતા. જવાબમાં ભારતીય ટીમે 6 વિકેટ ગુમાવી 306 રન કરી મેચ જીતી લીધી હતી. વિરાટ કોહલીએ સૌથી વધુ 93 રન, સુકાની શુભમન ગિલે 56 અને શ્રેયસ ઐયરે 49 રન કર્યા હતા.

બીજી તરફ મહિલા પ્રીમિયર લીગની મેચમાં ગુજરાત જાયન્ટસની ટીમે રસાકસી ભરી મેચમા દિલ્હી કેપિટલની ટીમને ચાર રન થી પરાસ્ત કરી બીજી સફળતા મેળવી છે.

ગુજરાતની ટીમના 6 વિકેટે 209 રનના જવાબમાં દિલ્હીની ટીમ 6 વિકેટ ગુમાવી 205 રન કરી શકી હતી.

---

## હવામાન:

હવામાન વિભાગે રાજ્યમાં આગામી બે દિવસ ઠંડીમાં ઘટાડો થવાની આગાહી વ્યક્ત કરી છે. સત્તાવાર યાદી મુજબ, બે દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જ્યારે આગામી બે દિવસ કચ્છ જિલ્લાના છૂટાછવાયા વિસ્તારમાં શીત લહેરની સ્થિતિ જોવા મળી શકે છે. નલિયા 3.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર રહ્યું હતું.

---